નવગુજરાત સમય (અમદાવાદ)

તા-30/06/2023, Page No. 04

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.નો નવતર પ્રયત્ન





**નવગુજરાત સમય > અમદાવાદ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી દ્વારા દત્તક લીધેલા ગામ શેરથામાં યુનિવર્સિટીના EducationforAllનીવિભાવનાનેસાકાર કરવા સુંદર કાર્યક્રમનું આયોજન થયું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એક્ષટેન્શન એક્ટિવિટી સેલ અને આરોગ્ય અને શિક્ષણ પ્રત્યેની જાગૃતતા માટે કામ કરનાર અમૃત મંગલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે "હરતું - ફરતું અશોક સંસ્કાર વિદ્યામંદિર" પ્રકલ્પનું તા.23 જૂનને ઉદ્દઘાટન કરાયું હતું. જે અંતર્ગત ગામના 5થી 10 વર્ષ સુધીના બાળકોને મૂલ્યલક્ષી શિક્ષણ આપવાનો ઉમદા ઉદ્દેશ્ય રહેલો છે. આ ઉદ્દઘાટન સમારંભમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- લાઈબ્રેરી સાયન્સ), એક્ષટેન્શન એક્ટિવિટી સેલના હેડ ડૉ. સોનલ ચૌધરી, ડૉ. જયેશ પરમાર (આસિસ્ટન્ટ પ્રોફેસર અને શેરથા ગામના વતની) અને યુનિવર્સિટી પરિવારના અન્ય સભ્યો, અમૃત મંગલ ટ્રસ્ટના ફાઉન્ડર અને ચેરપર્સન ડૉ.કલાબેન શાહ, અશોક વિદ્યામંદિરના પ્રેસિડેન્ટ બીનાબેન આચાર્ય, ટ્રસ્ટના અન્ય સભ્યો, શેરથા ગામના સરપંચ, તલાટી,પ્રાથમિક શાળાના આચાર્ય,ગ્રામજનો અને જેમને માટે આ કાર્યક્રમ યોજાયો તે પ્રાથમિક શાળાના બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા હતાં.

30/6/23